

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સુપ્રીમથી યે ન થાય તે પ્રશ્નો ઉકેલાઈ જશે !*
*ગુનાઈત સમસ્યાઓ 'શાંતિથી' સંકેલાઈ જશે !*
*થઈ જશે 'નિકાલ' ક્ષણમાં કઠિન કોયડાનો -*
*ખોવાઈ જશે, અંધારકૂપમાં - ધકેલાઈ જશે !*
*(કાર્યદક્ષ મા. પ્રધાનશ્રી અમિત શાહ)*

### હાઈકુ

*કર્યા પસંદ,*
*વિષય નિષ્ણાતોને*
*ચૂન ચૂન કે...*

*લ્યો ! શિવભક્તે*
*ખૂંખાર નંદીઓ ને*
*સાચવી લીધા !!*

### ચિંતન

**એકમેવ કુલે જાતાઃ પાવકોપમતેજસઃ ।**
**ક્ષમાવન્તો નિરાકારાઃ કાષ્ઠેગ્નિરિવ શેરતે ॥**

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

આ રીતે, અગ્નિ સમાન તેજસ્વી તેમજ કુળમાં જન્મેલા કુલીન માણસો ક્ષમા ધારણ કરીને, લાકડામાં અગ્નિ જેમ અદૃશ્ય (નિરાકાર) રીતે રહેલા હોય છે.

કાષ્ઠમાં અગ્નિ અદૃશ્ય રીતે રહેલો હોય છે એને પ્રજ્વલિત કરવામાં આવે તો તે લાકડાને અને અન્યને પણ બાળી મૂકે છે. કુલીન શૂરવીરો પણ પોતાની શૂરવીરતાનું બળ અંદર છૂપાવીને ક્ષમા ધારણ કરીને બેઠા હોય છે, પરંતુ એમને છંછેડવામાં આવે તો અગ્નિની જેમ તે શત્રુઓને, ભસ્મ કરી દે.

વિદુરના કથન મુજબ શૂરવીર પાંડવો અત્યારે ક્ષમા ધારણ કરીને બેઠા છે, પરંતુ કૌરવો દ્વારા છંછેડાશે, તો તેઓ સૌને ભસ્મ કરવાની ક્ષમતા ધરાવે છે.

### સુવિચાર

- 'સમસ્યા' કે બારે મેં સોચને સે બહાને મિલતે હૈ,
  'સમાધાન' કે બારે મેં સોચને સે રાસ્તે મિલતે હૈ - **અમ્રિતા નાયક**
- વર્તન ભલે વર્તમાનમાં હોય, પણ એની અસર અને પરિણામ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે - **અનામી**
- આપણા નસીબ કરતાં આપણા કાર્યો અને આપણી વર્તણૂંક વધારે શક્તિ ધરાવે છે - **એમર્સન**
- આનંદ અને કર્મ - કૌશલ્યથી કલાક નાના લાગે છે - **સોફો કલીઝ**
- પોતાની ખોજ કરશો તો આનંદની ખોજ સમાપ્ત થઈ જશે.
  તમને તમારા પોતાનામાં જ આનંદ મળી જશે - **સ્વામી રામકૃષ્ણાનંદ**
- ઈશ્વરના બંધ કરેલા દરવાજા કોઈ ખોલી શકતું નથી :
  ઈશ્વરના ખોલેલા દરવાજા કોઈ બંધ કરી શકતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : આમલીના રસમાં કેળું અને જરાક ગોળ મેળવી ખાવાથી સંગ્રહણીના રોગમાં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સિસ્ટર નિવેદિતા. અને સ્વામી વિવેકાનંદ વચ્ચે મુક્તિ અને વ્યક્તિ - સ્વાતંત્ર્ય વિશે ચર્ચા ચાલી. સિસ્ટરે કહ્યું 'સ્વામીજી હું પણું તો દરેક વ્યક્તિનું જોઈએ જ. સદા માટે પોતાની જાતને સમર્પણ કરી દેવી એવી મારી કોઈ ઈચ્છા જ નથી. એ વિચાર જ મને પરેશાન કરે છે.' સ્વામી વિવેકાનંદે કહ્યું, 'એક જળનું બિન્દુ સમુદ્રમાં પડી જોર જોરથી રડવા લાગ્યું. એના રડવાનો અવાજ સાંભળીને સાગરે તેને પૂછ્યું, 'કેમ શું કામ રોવે છે ? શું થયું ?' જવાબમાં જલબિન્દુએ કહ્યું, 'તમારામાં પડી હું પરતંત્ર બની જવાનું છું. મારી સ્વતંત્રતાનું શું ?' સાગરે કહ્યું, 'ઓ હો એમાં રડવાનું શું ?' જલબિન્દુએ કહ્યું, 'તો મારી સ્વતંત્રતા ટકાવી રાખવા મારે શું કરવું ?' સાગરે કહ્યું, 'તું તારા ભાઈ-બહેનો સાથે ભળી જા, એ બધા મારામાં ભળી રહ્યા છે. હું તમારા બધાની સમષ્ટિ છું અને ભલે તું જલબિંદુ છે પણ તું પણ એક સાગર જ છે. તેમ છતાં તારે સ્વતંત્ર રહેવું હોય તો સૂર્યકિરણની મદદ વડે ઉપર ચઢી વાદળનો આશ્રય લે અને ત્યાંથી કલ્યાણરૂપ આશીર્વાદ પ્રાપ્ત કરી તરસી ધરતી ઉપર વરસી જાવ.' આવા ઉત્તમ ઉદાહરણ પરથી સ્વામીએ સિસ્ટરની અજ્ઞાનતા, વ્યાકુળતા ને શાંત કરી. સિસ્ટરને સ્વામીની વાત ગળે ઉતરી.

# કેન્દ્ર સરકાર દક્ષિણ ભારત સામે ઝૂકી ગઈ

*તંત્રીસ્થાનેથી...*

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઈસરોના પૂર્વ અધ્યક્ષ કસ્તુરીરંગનના અધ્યક્ષપદે નિમાયેલી સમિતિ દ્વારા સુનિશ્ચિત થઈ હતી. એમાં ત્રિભાષા ફોર્મ્યુલાના સર્વસામાન્ય અમલીકરણની વાત હતી. જે - તે પ્રાદેશિક ભાષા ઉપરાંત હિંદી અને અંગ્રેજી શાળાનાં બાળકોને આઠમા ધોરણ સુધી ફરજિયાત ભણાવવાના ડ્રાફ્ટ સામે દક્ષિણનાં રાજયોએ ભારે ઊહાપોહ મચાવી દેતાં કેન્દ્ર સરકારને તાબડતોબ શિક્ષણનીતિના એ ડ્રાફ્ટમાં સુધારા કરવા પડ્યા છે. દક્ષિણ ભારતના લોકોને એમના પર બળજબરીપૂર્વક હિંદી થોપી દેવાય તે હરગિજ પસંદ નથી. અગાઉ જયારે મહાત્મા ગાંધીએ હિંદી પ્રચારનો દોર ચલાવેલો અને હિંદુસ્તાની જેવી ખીચડી ભાષાના સ્વરુપને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવાનો આગ્રહ રાખેલો ત્યારે પણ તમિલનાડુમાં એનો ભારે વિરોધ થયો હતો. તામિલનાડુના મહાન નેતા ચક્રવર્તી રાજગોપાલાચારી તો મહાત્મા ગાંધીના વેવાઈ બન્યા હતા. પરંતુ શરુ શરુમાં હિંદીનું સમર્થન કરનારા આ સ્વતંત્ર ભારતના પહેલા દેશી 'ગર્વનર જનરલ' પાછળથી હિંદી વિરોધી ઝુંબેશમાં જોડાઈ ગયા હતા. એ બધાને હિંદીભાષી ઉત્તર ભારતનું આધિપત્ય મંજૂર નહોતું. તમિળને તેઓ સંસ્કૃત કરતાં પણ વધુ પ્રાચીન ભાષા માને છે. એ દ્રવિડ સંસ્કૃતિની અસ્મિતા જેવી ભાષા પર હિંદી ચઢી બેસે એ માત્ર તમિલનાડુને જ નહીં બલકે દ્રવિડ કુળની ચારે ભાષાઓ - તમિળ, તેલુગુ, કન્નડ કે મલયાલમ બોલતી પ્રજાને અપમાન જેવું લાગે છે. આથી ૧૯૩૭થી ૧૯૪૦ વચ્ચે ચાલો ભાષાકીય આંદોલનનો ભાગ બીજો ૧૯૬૪માં પંડિત નહેરુના કાર્યકાળમાં ભજવાયો હતો. નહેરુ પર હિંદીભાષી સાહિત્યકારો અને નેતાઓનું નૈતિક દબાણ હતું કે તેઓ હિંદીને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપે. નહેરુ એ દબાણને વશ થાય તો દેશના ભાષાના મુદ્દે જ ભાગલા પડી જાય એવી કટોકટી સરજાઈ હતી. આથી એમણે - ત્રિભાષા ફોર્મ્યુલા વડીને હિંદી, અંગ્રેજી તથા પ્રાદેશિક ભાષાને સમાન મહત્ત્વ આપી બધી ભાષાઓ રાષ્ટ્રભાષાઓ છે એવી જાહેરાત કરવી પડી હતી. હકીકતમાં રાજભાષા તરીકે જ હિંદીનો સ્વીકાર થઈ શકયો હતો, રાષ્ટ્રભાષા તરીકે નહીં. નવી મોદી સરકાર પાસે સંઘ અને વિશ્વ હિંદુ પરિષદ જેવી એની શાખાઓ હિંદીને ફરી એકવાર રાષ્ટ્રભાષાનો દરજ્જો અપાવવા કૃતસંકલ્પ છે. દ્રવિડ પ્રદેશો અને એક પ્રકારનું સાંસ્કૃતિક આક્રમણ માને છે. એટલે જયારે હિંદીનો વિષય દક્ષિણ ભારતના પ્રદેશોમાં આઠમા ધોરણ સુધી ત્રિભાષી ફોર્મ્યુલા અન્વયે ફરજિયાત કરવાની શંકા જાગી ત્યારે પાર્ટી કે વિચારધારાનો ભેદ રાખ્યા વગર બધા દક્ષિણના નેતાઓ એકી અવાજે હિંદીનો વિરોધ કરવા લાગ્યા. પરિણામે કેન્દ્ર સરકારને તાબડતોબ ભાષાનીતિમાં ફેરફાર કરી ગમે તે ત્રણ ભાષાઓ, જે પૈકી અંગ્રેજી તો ફરજિયાત જ રહશે (અને એ મુદ્દો દક્ષિણ ભારતીય નેતાઓને શરુથી જ માન્ય પણ છે) - ભણાવાની પૉલિસી અમલમાં મુકાશે. હિંદી જેવી વિશ્વની સૌથી વધુ બોલાતી અને સમજાતી ભાષાની કમનસીબી તો જુઓ ! પોતાના જ દેશમાં એ હડધૂત થઈ રહી છે અને ગુલામીના વારસા જેવી અંગ્રેજી આઝાદીનાં સિત્તેર વર્ષો પછી એનું વર્ચસ્વ અકબંધ રાખી શકી છે બલકે હવે તો દિવસે દિવસે એ વકરતી - ફૂલતીફાલતી જઈ હિંદી સહિતની ભારતીય ભાશાઓનો કોળિયો કરી રહી છે. કયારેક ભારતેન્દુ હરિશ્ચંદ્રે ગાયું હતું : 'નિજ ભાષા ઉન્નતિ અહે સબ ઉન્નતિ કો મૂલ.' દયાનંદ સરસ્વતીએ દેવભાષા સંસ્કૃત જાણતા હોવા છતાં 'સત્યાર્થ પ્રકાશ' 'દેશભાષા' હિંદીમાં આલેખ્યો હતો. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોમાં દારૂબંધી અને અસ્પૃશ્યતા નિવારણની સાથે જ હિંદી પ્રચારનો મહિમા હતો. જે દેશને એની ભાષા નથી તે શું કયારેય માથું ઊંચું કરીને જીવી શકે ? અટલ બિહારી વાજપેયીથી લઈ મોદી સુધીના હિંદી પ્રેમી નતાઓ હાથ હેઠા પડતા હોય ત્યાં બીજા તો શું કરી શકવાના ?

# મિત્રો તો મહામૂલી મૂડી છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

૧૯૮૦ના વર્ષમાં ધોરણ દસની પરિક્ષાનું પરિણામ આવ્યું. ગાંધીનગરમાં રહેતા વિદ્યાર્થી પુલક ત્રિવેદીને ૫૮ ટકા માર્કસ આવ્યા. પિતા મનુભાઈ ત્રિવેદીએ કહ્યું, 'બેટા, મેથ્સ અને સાયન્સના વિષય કરતા તુ અભિવ્યક્તિની દુનિયામાં તારું ભવિષ્ય બનાવ તો સારું... તને ગમશે અને આગળ પણ આવીશ. તારા જીવનમાં...'

પિતાજીના આ શબ્દો સાર્થક થયાનું તારીખ ૩૧, મે ૨૦૧૯ની સાંજે, પોતાના જન્મદિવસે અનુભવી રહ્યા હતા રાજય સરકારના માહિતી ખાતામાં સંયુક્ત માહિતી નિયામક તરીકે ફરજ બજાવતા અધિકારી અને 'ગાંધીનગર સમાચાર' ની લોકપ્રિય કૉલમ 'આત્મનાદ'ના લેખક શ્રી પુલક ત્રિવેદી.

અમદાવાદના AMA સ્થિત જે.બી. ઓડિટોરિયમમાં એમના દ્વારા લિખિત અને JP Group નવભારત પબ્લીકેશન્શ દ્વારા પ્રકાશિત પુસ્તક 'ટૂંકું ને ટચ' ના લોકાર્પણનો એ યાદગાર અવસર હતો.

ગુજરાતમાં પ્રગતિશીલ - પારદર્શક સુશાસનના સારથી અને જેઓ સાહિત્ય - સંગીત તથા કલાના વિવિધ સ્વરુપો સાતે આત્મીયતાથી જોડાયેલા રહ્યા છે એવા સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પુસ્તકનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે, સરસ્વતી સાધનામાં ચોખા લગાવવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. તેઓએ લેખકને અભિનંદન પાઠવતા ઉમેર્યું કે વિચાર અને લાગણીનો સમન્વય હોય તે સાહિત્ય અમરત્વ પ્રાપ્ત કરે છે.

મુખ્યમંત્રીના હસ્તે લેખકના બ્લોગનો પણ શુભારંભ કરાયો હતો.

લેખકને પોતાના અખબારમાં કોલમ લખવા પ્રેરિત કરનાર શ્રી કૃષ્ણકાન્ત જહાએ પુસ્તકને આવકારતા કહ્યું કે, એક પુસ્તક પ્રગટ થાય એટલે નગર જીવન શ્રીમંત-સમૃદ્ધ બને છે. લેખક મંદિરમાં આરતીની ઝાલર વાગે તો તમારું લખેલું ને મારું છાપેલું સાર્થક થાય, જે આજે થયું છે એનો આનંદ છે.

જાણીતા પત્રકાર અને કોલમિસ્ટ ભવેન કચ્છીએ કહ્યું કે આપણે સૌ સંવેદનાથી ક્ષતિગ્રસ્ત સમાજ વ્યવસ્થામાં જીવી રહ્યા છીએ એવા સમયે 'ટૂંકું ને ટચ' પુસ્તકના લેખોમાં સંવેદના ધબકે છે જે આત્મનાદથી આત્મ સાક્ષાત્કારની દિશામાં વાચકને ગતિ કરાવે છે.

લોકપ્રિય લેખક અને વક્તા જય વસાવડાએ કહ્યું કે સરકારમાં અને એ પણ ગાંધીનગરમાં રહીને અસરકારક લેખક થવું એ અઘરી વાત છે અને એ કામ લેખક પુલક ત્રિવેદીએ સુપેરે કર્યું છે.

પુલક ત્રિવેદીને જાણનાર અને સમજનારા મિત્રો એમને વિચારવંત અધિકારી અને સંવેદનશીલ સર્જક થતા હંમેશા હાસ્યથી પુલકિત, ઉર્જાસભર વ્યક્તિત્વના ધની માનવી તરીકે ઓળખે છે. લાગણી અને બુદ્ધિ બંને વચ્ચે સંતુલિત જીવનશૈલી અપનાવનાર પુલકભાઈ ત્રિવેદીની આસપાસ હંમેશા મિત્રોને મેળો હોય, પછી એ એમની ઓફિસ હોય કે ચાની કિટલીની બેઠક. લોકો વચ્ચે રહીને લોકજીવનને સ્પર્શતી ઘટનાઓમાંથી તેઓ હંમેંશા પોઝીટીવીટી આત્મસાત કરતા રહ્યા છે.

પુસ્તક લોકાર્પણ અવસરે તેઓએ પોતાના પ્રથમ પુસ્તકના લોકાર્પણને પ્રથમ બાળકના જન્મના આનંદ સાથે સરખાવી તેમની કારકિર્દીમાં માર્ગદર્શન - આશીર્વાદને શુભકામના પાઠવનાર સહુના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

પરિધિ ત્રિવેદી પરિખના સ્વરમાં શ્લોક ગાન અને કેવલ ત્રિવેદીના આભારના શબ્દ સાથે સમાપન થયેલ કાર્યક્રમમાં JP Group - નવભારત પબ્લીકેશનના જયેશ શાહ અનિવાર્ય સંજોગોવશાત ઉપસ્થિત ન રહી શકતા એમનો સંદેશો વીરેન્દ્ર શાહે વાંચી સંભળાવ્યો હતો. શ્રીમતી આરતી ત્રિવેદી અને વિરાંગ શાહે મહેમાનોનું પુસ્તકથી સ્વાગત કર્યું હતું.

મુખ્યમંત્રી કાર્યાલયના અગ્રસચિવ અશ્વિનીકુમાર, રાજય સરકારના વરિષ્ઠ સચિવો તથા ઉચ્ચ અધિકારીઓ, પત્રકાર અને સાહિત્ય જગતના મહાનુભાવો, મીડિયાકર્મીઓ, કલાકારો, માહિતી ખાતાના અધિકારીઓ, પરિવારજનો અને સમાજના વિધવિધક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મિત્રો તો મહામૂલી મૂડી છે. તક આવીને ખોળામાં કયારેય પડતી નથી ઊભી કરવાની હોય છે. જે પોતાના કામથી ખુશ હોય છે એનાથી દુનિયા પણ ખુશ હોય છે. આવા અનેક પોઝીટીવીટી તરફ લઈ જતા વનલાઈનર આ પુસ્તકમાં છે જે આપણા - વાચકના જીવનમાં અજવાળા પાથરે છે.

# યે હસીં વાદિયાં...યે ખુલા આસમાં...આ ગયે હમ કહા !



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

જયા પોતાની પણ ભાળ ન મળે ત્યાં પહોંચી ગયા છીએ, જાણે કે એમ લાગે છે કે માત્ર મોબાઈલનાં ટાવર જ નહીં દુનિયાદારી, રોજ રોજની આચરવી પડતી શિષ્ટાચારયુક્ત વર્તણૂક, સવારમાં અલાર્મા વાગે અને ઑફિસ જવાની પળોજણ. ત્યારબાદ બૉસ અને કંપની સ્ટાફ કે નવા કલાયન્ટને સાચવવાના ત્રાગા કરવાના મનસૂબા, આ બધું જ અહીં મળતું નથી, મોબાઈલ માત્ર પ્લાસ્ટિકનું ડબલું બની જવાના કારણે જ આ જગ્યાનું મહત્ત્વ મારે મન અદકેરું વધી ગયું. નાના બાળકે પેશાબ નથી કર્યો ને ? તેવું વારંવાર ચકાસતી માતાની જેમ વગર કારણે મોબાઈલમાં કોઈ મેસેજ ઉતર્યો કે નહીં, આપણી ફૅસબુક પોસ્ટ પર કોઈ લાઈક આવી કે નહીં, આ બધું વારંવાર ચકાસતા આપણને થોડા કલાક માટે કાંઈક અજૂગતું લાગે ખરું ! અચાનક જ સાવ નવરા થી ગયા હોઈએ તેવું અનુભવાય, પણ તન-દુરસ્તી સાથે મન-દુરસ્તી કરવા માટે આયુર્વેદના પંચકર્મની જેમ આ પ્રથમ કર્મ છે.

ચાલો આટલી બધી પ્રસ્તાવના બાંધ્યા પછી તમને આ પ્રકૃતિના ખોળે વસેલા ગામડાનું નામ જાણવાની ઉત્સુકતા તો વધી હશે જ ! હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના બંજાર તાલુકાનું સરચી ગામ છે.

જી હા ! તને સાચું જ વાંચ્યું છે. હિમાચલ પ્રદેશ એટલે માત્ર શિમલા - મનાલી - ધર્મશાળા કે ડેલહાઉસી જ નહીં ! સરચી, ગુશૈણી, બંજાર જેવી તીર્થન વેલી પર આવલા નયનરમ્ય ગામડાઓ પણ હિમાચલમાં જ છે. આ લેખ લખાઈ રહ્યો છે તે જગ્યા તીર્થન નદીના કિનારે આવેલા ગુશૈલી નામક ગામ છે.

હિમાચલ પ્રદેશમાં બિયાસ સિવાય વહેતી બીજી વિશાળ નદી એટલે તીર્થન. તીર્થ નામક સ્થળેથી વહેતી આ નદી પણ વિશાળ અને ભવ્ય હિમાલયના તીર્થ નામક સ્થળેથી વહે છે.

મંડિથી ભૂન્તર થઈને બન્જાર અવાય છે. ઓટથી બંજાર એન ગુશૈણી જવાને ૩૧ કિ.મી.નો રસ્તો કદી ન ભૂલાય તેવી સફર હતી. બંને તરફ વિશાળ પર્વતો. પાઈનના અને દેવદારના વૃક્ષો અને વચ્ચેથી વહેતી તીર્થન નદીને ઘૂઘવતો અવાજ.

ગુશૈણીમાં જે હોમ સ્ટેમાં અમારો નિવાસ હતો તે તીર્થન નદીના કિનારે જ હતો, બપોર પછી સાંજે તો અમે પથરાળ નદીના કિનારે ગ્લેશિયર પીગળીને આવતી વહેતી નદીના ઠંડા પાણીમાં પગ ઝબોળતા બેસી રહ્યા સામે હિમાલયન રેન્જ દેખાતી હોય, અને નિર્મળ જળનો ખળખળ પ્રવાહ વહેતો હોય, ચારે તરફ પર્વતો, અને પર્વતો પર દેવદારના વૃક્ષો - નદીના પટના કિનારા પર અખરોટ અને સફરજનના વૃક્ષોની હારમાળા... નદીમાં વચ્ચો વચ્ચ નાની મોટી શિલાઓ સાથે અથડાતી પછડાતી તીર્થન નદીનો પ્રવાહ જાણે નૃત્ય કરી રહ્યો હોય તેવો અનુભવ થાય.

સુંદર સ્ફિટક જેવા સપેદ, લાલ, શ્યામ વર્ણના નાના મોટા કંકર... જાણે દરેક કંકર શંકર હોય તેવું ભાસે. નદીનો ઘૂઘવાટ કેવો હોય તે આપણે ગુજરાતમાં કદી અનુભવ્યો નહીં હોય... દરિયાના મોજા ઘૂઘવતા હોય તેવો ઘસમસતા પ્રવાહનો કલશોર આપણા કાનને અને ચારે તરફની વનરાજી પર્વતો પર જાણે વૃક્ષોનો શણગાર કર્યો હોય તેવા શોભતા નગરાજને જોઈને આંખને જે સુખ મળે છે, તે અહીં વર્ણવવું મુશ્કેલ છે.

બીજા દિવસે ગુશૈણીથી ૧૮ કિ.મી. ઉપર આવેલા સરચી ગામમાં જવા નીકળ્યાં. જયાં મોટર રસ્ટો ૧૫ કિ.મી. સુધી હતો. પરંતુ ત્યાર પછી તો પગયાત્રા જ માંડવી પડે. આ ૧૮ કિ.મી. ની યાત્રા જીવનભરનું સંભારણું બની રહી.

સરચી સમુદ્ર તળથી લગભગ ૨૨૦૦ મીટર ઉપર આવેલું છે તે પર્વતનું અંતિમ ગામ છે. પરંતુ ગામ તેની ભૌગોલિક પરિસ્થિતિઓ, ત્યાંના ૧૦૦ વર્ષ જૂના લાકડાના ઘર અને નાના નાના રસ્તાઓ જોઈને એવું લાગે કે જાણે હમણાં જ કોઈ સિદ્ધહસ્ત ચિત્રકારે કુદરતી દૃશ્યનું ચિત્ર દોરીને રંગ પૂરીને કેનવાસ પર તૈયાર કર્યું છે.

અત્યારે લખતી વખતે પણ તે સરચી ગામની એક એક તસ્વીર જે મન અને હૃદય પર અંકિત થયેલી છે, તે કોઈ કમ્પ્યુટર કે લૅપટોપના વિન્ડોઝના ડિફોલ્ટ વોલપેપર બદલાતા હોય તેવું લાગે છે. ખૂબ જ સુંદર અને સાથે સાથે સ્વચ્છ એવું નાનકડું ગામ. રસ્તામાં દોડતા જતા બાળકો શાળા ભણી જઈ રહ્યા હતા. આપણે ત્યાં સ્કૂલ બસ, સ્કૂલ વાન અને શું શું વ્યવસ્થા સાથે બાળકોને આપણે શાળાએ મોકલીએ છીએ... જયારે પર્વતોના ઊબડખાબડ રસ્તાઓ પર નાના નાના ભૂલકાઓ થનઘનાટ કરતા એવા ઉછળતા કૂદતા જોઈને લાગે છે, આ બાળકો અને આપણાં બાળકો આ બંનેની વચ્ચે આભ જમીનનો ફરક આપણે એ રીતે ઊભો કર્યો છે કે, આપણે આપણાં બાળકોને વિવિધ સવલતોથી તરબતર કરી દઈને જાણે પંગુ બનાવી દીધા છે. જયારે આ લોકો મુક્ત ગગનમાં પંખીઓ લાગતા હતા.

સરચીની બે કે ત્રણ કિ.મી.ના ચઢાણવાળો રસ્તો આગળ જતા જમાલા નામના એથી પણ નાના ગામને મળે છે, જે ગામ તે પર્વતની ટોચનું અંતિમ ગામ હતું. તે ગામની ઉપર એક વિશાળ મેદાન પરથી ૩૬૦ ડિગ્રીના અંશે દેખાતો પ્રાકૃતિક નજારો આ આંખોના કચકડામાં એવો તો મઢાઈ ગયો છે કે, નજર આગળથી હટતો નથી.


ત્યાંથી દેખાતી 'લાંબરી' હિમાલયન રેન્જ - બારાસરી - ટ્રેકિંગ પોઈન્ટ પરનું ગોલ સમતલ મેદાન જે પહાડો પર ભાગ્યે જ જોવા મળતું હોય, એ જગ્યા પર પહોંચ્યા પછી ત્રણ કિ.મી. જેટલા સીધા ચઢાણનો બધો થાક જાણે ઓગળી ગયો...

'સરચી' ગામમાં જમદગ્નિ ઋષિનું સુંદર પહાડી શૈલીનું મંદિર હતું. જયાં એપ્રિલમાં વૈશાખી મેળો થાય છે. જેમાં જંગલમાંથી એક ઊંચું વૃક્ષ લાવીને લગાવવામાં આવે છે, અને ત્યાં લગાવેલું જૂનું વૃક્ષ કાઢીને ઉત્સવ મનાવવામાં આવે છે.

ટ્રેકિંગ દરમિયાન પાણીની બોટલ પણ પકડવાનું કે તસુભાર વજન ઊંચકવાનું આપણને ન ગમે, તે પરિસ્થિતિમાં અમે ત્યાંની પહાડી મહિલાઓને માથા પાછળ લાંબી દોરીથી પાછળ જોડાયેલી ટોપલીમાં ઢગલાબંધ રેતી, ઘાસ ઊંચકીને લઈ જતા હોય અને ચાલતા ચાલતા બંને હાથમાં ઊનની સ્વેટર ગૂંથતા ગૂંથતા જતા હોય... આ દૃશ્ય જોઈને લાગે કે પ્રતિપળનો ઉપયોગ આમની પાસેથી શીખીએ કે પછી મહિલા સશક્તિકરણની બાંગો ફૂંકતા આપણે તેમની સ્વરોજગારની આ રીત જોઈએ ! આપણી તો બોલતી જ બંધ થઈ જાય! હજી ઘણું મિષ્ઠાન પિરસવાનું બાકી છે ... પરંતુ વધુ આવતા અંકે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# પત્રના શબ્દોની સુગંધ પાસે ઈ-મેઈલના ડિજીટલ શબ્દો ફીકા લાગે





**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યાને ગત સપ્તાહમાં અનયસે મળવાનું થયું. વિષ્ણુભાઈની રૂમમાં દક્ષિણ ગુજરાત યુનિર્વસીટીના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ કોઈ કાર્યક્રમ માટે ચર્ચા કરતા હતાં. એમણે એમની સાથે મારો પરિચય કરાવ્યો. સ્વાભાવિક રીતે જ પરમ શ્રદ્ધેય વિષ્ણુભાઈને મળવાનું થાય ત્યારે સાહિત્ય અને વિવિધ પ્રકાશનોની વાતોમાં એકાદ કલાકનો સમય ક્યાં પસાર થઈ જાય એનો ખ્યાલ ન જ રહે.

વિષ્ણુભાઈએ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. અજયસિંહજી ચૌહાણ સાથે મારી ઓળખાણ કરાવી. ડો. અજયસિંહજી ચૌહાણનું નામ મેં ઘણીવાર સાંભળ્યું હતું પરંતુ એમનો સાક્ષાત્કાર પહેલી વાર થયો. ડો. અજયસિંહજીને મળતાં વેંત મારા માનસપટ ઉપર અકાદમીના બે પૂર્વ મહામાત્રના નામો તરવરવા લાગ્યા. શ્રી હર્ષદભાઈ ત્રિવેદી, ડો. દલપતભાઈ પઢિયાર. આ બન્ને માહામાત્રોએ અકાદમીના મુખપત્રને અલગ પહેચાન આપવામાં ખુબ પરિશ્રમ કર્યો છે. શ્રી વિષ્ણુભાઈએ ઉમળકાથી મને ''શબ્દસૃષ્ટિ''નો ૨૦૧૮નો પત્ર વિશેષાંક ભેટ આપ્યો. 'પત્ર'ના વિષય ઉપર શબ્દસૃષ્ટિનો વિશેષાંક એ અકાદમીનું અભિનવ ઘરેણું લાગ્યું. આ અનોખા વિષય ઉપરના વિશેષાંકને જોઈને મનોમન આ વિષય ઉપરની છણાવટને પોખવા લાગ્યો. મને સર્જક અને કવિ મિત્ર પૂર્વ મહામાત્ર હર્ષદભાઈ ત્રિવેદીનું સ્મરણ એટલે ઉભરી આવ્યું કે, અકાદમીના મુખપત્ર ''શબ્દસૃષ્ટિ''ના રંગ, રૂપ અને સ્વરૂપને ઘડવામાં તેમણે વર્ષો સુધી જબરજસ્ત મહેનત કરી છે. હર્ષદભાઈ એક સંપાદક તરીકે અત્યંત ચીવટવાળો, સજાગ અને કલમના રખોપા કરનારો જણ. વળી સાહિત્ય સર્જક, જાણિતા કવિ ડો. દલપત પઢિયાર એટલે યાદ આવે કે, સાહિત્ય જગતના આ ખેરખાંએ પણ અકાદમીના મહામાત્ર તરીકે તેમના કાર્યકાળ દરમિયાન ''શબ્દસૃષ્ટિ''ના પ્રત્યેક અંકોમાં વિશેષ પ્રાણ પૂર્યા છે.

વર્ષ ૧૯૮૩થી ચાલતા ગુજરાત સાહિત્ય અકાદમીનું મુખપત્ર ''શબ્દસૃષ્ટિ''ની ગરીમા સાહિત્ય જગતમાં એટલી બધી છે કે, ''શબ્દસૃષ્ટિ''ના અંકમાં કોઈ નવોદિત સાહિત્યકારની પદ્ય કે ગદ્ય રચના પ્રસિદ્ધ થાય તો સાહિત્યકાર એની ગૌરવપૂર્વક છાતી ફૂલાવીને નોંધ લેતો હોય છે. અને લોકોને કહેતો હોય છે કે, 'મારી રચના ''શબ્દસૃષ્ટિ''માં સ્થાન પામી છે.'

બેક ટુ ધ પોઈન્ટ ''પત્ર વિશેષાંક''. વર્તમાન ડિઝીટલ યુગમાં માનવી એટલો બધો ડિઝીટલાઈઝ્ડ થઈ ગયો છે કે, કાગળ ઉપરના શબ્દોની સુગંધને સંપૂર્ણપણે વિસરી ગયો છે. વોટ્સ એપ, ઈમેઈલ, ટેલીગ્રામ, ઈન્સ્ટાગ્રામમાં એટલો બધો એ અટવાઈ ગયો છે કે, પત્રમાં અભિવ્યક્ત થતાં સંવેદનાના ભાવવિશ્વની મોજને જ ખોઈ બેઠો છે. સમયાંતરે અભિવ્યક્તિના માધ્યમો બદલાય તેને ચોક્કસ આવકાર પણ સેંકડો હજારો વર્ષોથી લોક હૃદયની ઉર્મિઓને વાચા આપતાં પત્રોના પમરાટને કેમ વિસરી શકાય ?

વોટ્સ એપ અને ઈ-મેઈલમાં આવેલો મેસેજ ગમે એટલો ઉત્કૃષ્ટ હોય પણ તે હૃદયના દરવાજે દસ્તક આપી અંતરના ઉંડાણ સુધી પ્રવેશ નથી કરી શકતો. જ્યારે કાગળ ઉપરના અંકિત થયેલા શબ્દો સંવેદનાના આખેઆખા મહાસાગરને ઉલેચીને હૃદયમાં ઓરી દેતા હોય છે. એક પ્રેમીનો પ્રેમિકાને લખેલો પત્ર હોય કે, દીકરાએ માને લખેલો પત્ર હોય, પિતાની પુત્ર પ્રતિ સંવેદના વ્યક્ત કરતો પત્ર હોય કે, કોઈ બેનીએ તેના વીરાને લાડ લડાવતો લખેલો કોઈ પત્ર હોય એ માત્ર કાગળ ઉપરના અક્ષરો નથી. આવા પત્રો હૃદયની ભૂમિ પર સંવેદનાપૂર્વક અમિટ છાપ છોડતા અદભુત ચાસ છે.

શબ્દસૃષ્ટિના કલેકટર વેલ્યુવાળા પત્ર વિશેષાંકમાં અલગ અલગ ક્ષેત્રના ૫૬ જેટલાં દાદુ લેખકોના લેખોનો 'છપ્પન ભોગ' વાચકોને પિરસવામાં આવ્યો છે. આ વિશેષાંકમાં ગુરુશિષ્ય પત્ર, પિતાપુત્રીનો પત્ર, બે મિત્રોનો પત્રાલાપ, આધ્યમના યાત્રીનો પત્ર, ભાવકનો પત્ર જેવા પત્ર વૈવિધ્યનો અદભુત ખજાનો છે. વળી, મજાની વાત તો એ છે કે, આકર્ષક લેઆઉટમાં પત્રોની હસ્તપ્રત સ્કેન કરીને મૂકવામાં આવી છે અને પત્ર લેખકે એ પત્રનો અનુપમ ઈતિહાસ પણ એની સાથે ટૂંકમાં વર્ણવ્યો છે. આના પરિણામે પત્રની ગરિમા અને ગૌરવ બન્ને અદભુત રીતે ઉજાગર થયા છે.

પત્ર વિશેષાંકમાં તેમની અધ્યક્ષિય વાતમાં શ્રી વિષ્ણુભાઈએ સમયદેવતાના સાક્ષીરૂપ કટોકટી કાળના પત્રોથી માંડીને ખુશવંતસિંહ, મીનુ મસાણી, અટલબિહારી વાયપેયીજી જેવા કલમના કસબીઓ અને ચિંતકોના પત્રવ્યવહારને સુપેરે વણી લીધા છે. મહામાત્ર ડો. અજયસિંહજી ચૌહાણની સંપાદકીય ચિવટ દાદ માંગી લે એવી છે. ગુણવંતભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ મહેતા, દીનકરભાઈ જોષી, નટવર આહલપરા, ડો. દલપત પઢીયાર, મધુ રાય, ભદ્રાયુ વચ્છરાજાની જેવા છપ્પન શબ્દોશહેનશાહોએ પત્રસંવેદનાની સરવાણી આ વિશેષાંકમાં વહેવડાવી છે. કહેવાની જરૂર નથી કે, એકવાર પત્ર વિશેષાંક હાથમાં લીધા પછી તેમાંથી સંપૂર્ણ રીતે પસાર થયા વગર પાછો ટેબલ કે રેકમાં મૂકવાની ઈચ્છા ન જ થાય.

''શબ્દસૃષ્ટિ'' સાહિત્ય અકાદમીનો શ્વાસ છે તો એની સાથે સાથે સાહિત્ય સંવર્ધન, શબ્દ સંસ્કાર વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ એનો પ્રાણ છે. સાહિત્ય સંસ્કારને વધુ વ્યાપક બનાવી એને અંતરીયાળ વિસ્તારોમાં પહોંચાડવાની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતાનો પ્રતિઘોષ ગુજરાત સાહિત્ય અકાદમીની વિવિધ સાહિત્ય સંવર્ધનની પ્રવૃત્તિઓમાં પડે છે. ગુજરાતી ઉપરાંત હિન્દિ, ઉર્દુ, સિન્ધી, સંસ્કૃત અને કચ્છી સાહિત્યનું સંવર્ધન કરતી ૬-૬ અકાદમીઓ ગુજરાતમાં સાહિત્ય સૌરભ ફેલાવવાનું ઉમદા કામ કરી રહી છે. ગુજરાત સાહિત્ય અકાદમીની ગયા વર્ષની પ્રવૃત્તિઓની આછેરી ઝલક જોઈએ તો લેખન શિબિરો, કવિ સંમેલનો, સ્મરણ વંદનાઓ, વાંચન શિબિરો જેવા ૨૦ જેટલાં કાર્યક્રમો રાજ્યભરમાં યોજવામાં આવ્યા. પુ?સ્તક પ્રસિદ્ધિની વાત કરીએ તો છેલ્લા ૫ વર્ષમાં સૌથી વધુ ૫૦ જેટલા પુસ્તકો એકાદમીએ ગયા વર્ષે પ્રકાશિત કર્યા. ૨૦૧૪માં ૨૦ પુસ્તકો, ૨૦૧૫માં ૧૧ પુસ્તકો, ૨૦૧૬માં ૩૨ પુસ્તકો, અને ૨૦૧૭માં ૨૨ પુસ્તકો અકાદમી દ્વારા પ્રકાશિત થયા છે. આ ઉપરાંત અકાદમીએ ગત વર્ષે વિવિધ ૭૮ જેટલાં સાહિત્યિક કાર્યક્રમો યોજવા માટે અને ૧૭૫ લેખકોને પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાય આપી છે.

ઈ-મેઈલ અને વોટ્સએપનો ઉપયોગ કરતી આજની જનરેશન પત્રમાંથી ટપકતી શબ્દોની સુગંધના સ્પર્ષને કેવી રીતે સમજશે ? ડિજીટલ અક્ષર અને કાગળ ઉપર કલમથી અંકિત થયેલા અક્ષરની લાગણીઓમાં આસમાન જમીનનો તફાવત છે. 'પત્ર વિશેષાંક' જેવી નવતર વિચારધારાને સંપાદીત કરીને પ્રસ્તુત કરવા માટે અધ્યક્ષશ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને મહામાત્ર અજયસિંહ ચૌહાણને પ્રસન્નતાપૂર્વક પોંખતા આનંદ થાય. પત્ર વિષેશાંકમાંથી પસાર થતાં એમ લાગે કે આપણા હૃદયનુ ભાવવિશ્વ ઉઘાડી રહ્યું છે. ''શબ્દસૃષ્ટિ''નો 'પત્ર વિશેષાંક' પત્રલેખનમાં વહેતી સંવેદનાઓને માયાળુ હાથ ફેરવીને હળવેકથી જગાડે છે. મનના કાગળ પર ઉતરેલા ભાવ વિશ્વને જાનદાર અને શાનદાર રીતે ખડું કરવામાં પત્ર વિશેષાંક સફળ રહ્યો છે. એક ક્ષણ માટે ઈમેઈલ અને વોટ્સએપને વિલન ગણવા માટે આ પત્ર વિશેષાંક ચોક્કસ મજબૂર કરી મુકે છે.

**ધબકાર :**

**' પત્રો જૂના અણમૂલ ખજાનો ગણી સાચવેલા, પાને પાને ઉકલતી કશી લાગણીની ગડીઓ '**

**- શ્રી જયંત પાઠક ('શબ્દસૃષ્ટિ' નવેમ્બર-૨૦૧૮)**